Re-Accredited by NAAC with 'B' Grade - CGPA : 2.79

**S. D. Arts & Shah B. R. Commerce College**

MANSA-382845, Dist. : Gandhinagar (N.Guj.) India

Managed by Sarvoday Higher Education Society - Mansa.

Established Year : 1959 - 1960
email : sdbrcollegemansa@gmail.com
D.P. Zone : 91 College Code : 75

No. : (02763) 270191, 270132
website : www.mansacollege.org
Guj. Uni. Center Code : 28 College Code : 038

Out ward No. : Date : / /20

## એસ.ડી.આર્ટસ એન્ડ શાહ બી.આર.કોમર્સ કોલેજ માણસામાં એક દિવસીય રાષ્ટ્રીય વેબીનાર

રાષ્ટ્રીય કવિશ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર-રાજકોટ તથા સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી માણસા સંચાલિત એસ.ડી.આર્ટસ એન્ડ શાહ બી.આર.કોમર્સ કોલેજ માણસાના સંયુક્ત ઉપક્રમે તા.૨૨-૦૧-૨૦૨૧ ને શુક્રવારે કોલેજમાં એક દિવસીય રાષ્ટ્રીય વેબીનાર નું આયોજન કરવામાં આવ્યું હતું જેનો વિષય હતો ભારતીય સાહિત્યમાં ગુજરાતી આદિવાસી સાહિત્યનો વિશિષ્ટ પ્રભાવ

કાર્યક્રમના ઉદ્દઘાટન બેઠકમાં કવિશ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ રચિત કોલેજ ગીત ગાનથી થઈ હતી. જેના શબ્દો હતા જય જય વિદ્યાવૃત્ત...અમારુ માણસા વિદ્યાવૃત્ત... કોલેજના આચાર્યશ્રી ડૉ.હાસ્યદા પંડયાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા.કોલેજ વિવિધ પ્રવૃતિથી સભર છે તેનો ખ્યાલ આપ્યો. કોલેજના કેમ્પસ ડાયરેક્ટર શ્રી પી.પી.રાઓલ સાહેબે બાબા ફાળકે,ડાહ્યાભાઈ નાયકનો આદિવાસીના વિકાસમાં મહત્વના ફાળાની વાત કરી હતી.તેમને ગુરૂ ગોવિંદસિંહનું પ્રદાન નોંધપાત્ર છે તે વાત જણાવી આર્શીવચન આપી કાર્યક્રમને સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ લોકસાહિત્ય કેન્દ્ર-રાજકોટના નિયામકશ્રી જે.એમ.ચંદ્વાડિયાએ કાર્યક્રમ યોજવા બદલ રાજીપો અને અભિનંદન પાઠવ્યા હતા. તેમની સંસ્થાનો પરિચય આપી ઝવેરચંદ મેઘાણી ના ઉમદા વ્યક્તિત્વના પાસાંનો ખ્યાલ આપી માનવતા ના મર્મી ઝવેરચંદ મેઘાણી માનવીય સંવેદના ઉજાગર કરી હતી.

ત્યાર પછી ડૉ.ગંગા સહાય મીણા (જે.એન.યુનિ.દિલ્હી)એ પોતાના પ્રવચનમાં મૌખિક પરંપરા સાહિત્ય ને પુરખા સાહિત્ય ગણાવી આદિવાસી નું જીવનદર્શન બતાવ્યું હતું તેમજ બિરસામુંડા આદિવાસી આંદોલનની વિશેષ જાણકારી આપી હતી

ઉદ્દઘાટન બેઠકનું સંચાલન ડૉ.યુ.સી.ગોર અને આભાર દર્શન પ્રો.ડી.એસ.ચૌધરી કર્યું હતું.

કાર્યક્રમની પ્રથમ બેઠકમાં ડૉ.ગજેન્દ્ર મીણા (સેન્ટ્રલ યુનિ.ગાંધીનગર) એ વિશ્વની ભારતીય ભાષાઓના આદિવાસી સાહિત્યમાં અભિવ્યક્ત માનવસંવેદના ની ઉદાહરણ સહિત ચર્ચા કરી હતી.

આ બેઠકના બીજા વકતા ડૉ.હાસ્યદા પંડયાએ આદિવાસી સાહિત્ય ની પરંપરા ને એના નીજી તત્વોની સમસ્યાને સ્પર્શતુ સાહિત્ય ગણાવ્યું હતું જન્મ પહેલા અને મૃત્યુ પછીના કંઠસ્થ સાહિત્યમાં વ્યકત થતી માનવસંવેદના ને ઉદાહરણ સહિત,ઉમદા અર્થસંદર્ભ સમજાવી રસપ્રદ વકતવ્ય આપ્યું હતું.

આ બેઠકનું સંચાલન પ્રા.એચ.બી.મહેતા અને આભાર દર્શન ડૉ.બી.એમ.વાઘેલાએ કરેલ.

કાર્યક્રમના બીજી બેઠકના પ્રથમ વકતા ડૉ.આનંદ વસાવા (ગુજરાત યુનિ.,અમદાવાદ) આદિવાસી સાહિત્ય ને જીવનરસ થી પ્રેરિત સાહિત્ય ગણાવી આદિવાસીઓની પરંપરાગત ઓળખ,જળ,જમીન,જંગલ બતાવી ગુજરાતમાં બોલાતી આદિવાસી બોલીઓ નો પરીચય કરાવ્યો.

બીજા વકતા ડૉ.વિક્રમ ચૌધરી(બારડોલી કોલેજ)એ આદિવાસી ભાષા,કલા,સંસ્કૃતિ આજ અને આવતીકાલ વિષય પર મનનીય વ્યાખ્યાન આપેલ તેઓની રહેણી-કરણી ,રીતરિવાજ,ખાન-પાન માન્યતાઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

આ બેઠકનું સંચાલન પ્રો.એ.બી.સોની અને આભાર દર્શન ડૉ.મુકેશ પટેલે કરેલ

કાર્યક્રમની ત્રીજી બેઠક ડૉ.કનુભાઈ વસાવા (ગૂજરાત વિદ્યાપીઠ,સાદરા) સંભાળી હતી જેમાં ગુજરાત અને મહારાષ્ટ્રની વિવિધ કોલેજના અધ્યાપકો એ સંશોધન પેપર રજુ કર્યા હતા.પેપર રીડીંગ કર્યા પછી કનુભાઈએ જણાવ્યુ હતુ કે આદિવાસી સંસ્કૃતિ ને સમજી તેમના હકો અને ફરજો પ્રત્યે આદિવાસી સમાજ ને સભાનતા કેળવવા જણાવ્યુ હતું

આ બેઠકનું સંચાલન ડૉ.જે.એસ.મકવાણા અને આભાર દર્શન ડૉ.આર.બી.ગાંવિતએ કરેલ હતો.

સમાપનની બેઠકનું સંચાલન ડૉ.એ.કે.પટેલે અને પ્રો.શૈલેષભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમની આભાર વિધી કરી હતી